## હેતુ

આ ભ્રષ્ટાચાર વિરોધી નીતિ ("નીતિ")ને અમેરીકાના ફોરેન કરપ્ટ પ્રેક્ટિસીઝ એક્ટ (એફ.સી.પી.એ.)ની જરૂરીયાતો અને અમે જે ન્યાયક્ષેત્રમાં ધંધો કરીએ છીએ તેના લાંચ વિરોધી કાયદાઓના અનુપાલન માટે રચવામાં આવેલ છે અને કંપનીના વિશ્વભરમાં ફેલાયેલ ધંધામાંના વ્યવહારોમાં લાંચ અને સત્તાવાર ભ્રષ્ટાચારને ટાળવા માટેના ધોરણો અને પદ્ધતિઓને સ્થાપિત કરવા માટે સ્વીકારવામાં આવેલ છે..

## કાર્યક્ષેત્ર

આ નીતિ સમગ્ર વિશ્વમાં મિનરલ્સ ટેકનોલોજી ઇન્ક.ને અને તેની અમેરીકાની અને આંતર-રાષ્ટ્રીય સહાયકારી કંપનીઓ, આનુષંગિકો, ભાગીદારો, સાહસો અને અન્ય ધંધાદારી જોડાણો કે જેને કાર્યક્ષમ રીતે મિનરલ્સ ટેકનોલોજીસ ઇન્ક. દ્વારા, પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે નિયંત્રીત કરવામાં આવતા હોય તેને લાગુ પડે છે. તે કંપનીના બધાં જ ડાયરેક્ટર્સ, ઓફિસર્સ અને કર્મચારીઓને લાગુ પડે છે.

## નીતિ

ના તો આ કંપની કે તેના વતી કાર્ય કરતાં કોઈપણ ત્રાહિત પક્ષકારે કોઈપણ "સરકારી અધિકારી"ને અથવા અન્ય કોઈપણ એકમને કે જેમાં ખાનગી અથવા વાણિજ્યિક ક્ષેત્ર સાથે સંકળાયેલનો પણ સમાવેશ થાય છે તેને "કંઇપણ મૂલ્યવાન" આપવાની ઓફર ના કરવી, વચન ના આપવું કે ચૂકવણી કરવા માટે અધિકૃત કરવા નહીં, કે જેનો હેતુ એ મેળવનારને તેના કે તેણીના હોદ્દાનો દૂરુપયોગ કરવા માટે લલચાવવાનો હોય અથવા જેથી એક અયોગ્ય "ધંધાદારી ફાયદો" મેળવવાનો હેતુ હોય.

આ નીતિના હેતુ માટે:

- *"કંઇપણ મૂલ્યવાન"માં આનો સમાવેશ થાય છે, પરંતુ તેટલા પૂરતું જ મર્યાદિત નથી: રોકડ, રોકડ સમાન (જેમ કે ગિફ્ટ કાર્ડ્સ), ભેંટો, પ્રવાસન, ભોજનો, મનોરંજન, વાહનોનો ઉપયોગ, રહેવાની વ્યવસ્થા અથવા મૂલ્યવાન તરફેણો, જેમ કે મિત્રો અને સંબંધીઓ માટે શિક્ષણ અને રોજગારની તકો. આ નીતિના હેતુ માટે, "એક મૂલ્યવાન વસ્તુ"નું કોઈ ઓછામાં ઓછું મૂલ્ય નથી. એક નાનકડી એવી ભેંટ પણ "મૂલ્યવાન વસ્તુ" છે.*

- *કોઇપણ "સરકારી અધિકારી" અથવા અન્ય કોઈપણ વ્યક્તિ કે એકમ, જેમાં ખાનગી અથવા વાણિજ્યિક ક્ષેત્રમાંના વ્યક્તિઓ અથવા એકમોનો સમાવેશ થાય છે, તેને "કંઇપણ મૂલ્યવાન"ની ચૂકવણી કરવી કે કંઇક આપવાની ઓફર કરવી, વચન આપવું, કે તેના માટે અધિકૃત કરવા, જેનો હેતુ* એ મેળવનારને તેના કે તેણીના હોદ્દાનો દૂરુપયોગ કરવા માટે લલચાવવાનો હોય અથવા જેથી એક અયોગ્ય "ધંધાદારી ફાયદો" મેળવવાનો હેતુ *હોય તે "લાંચ" છે.*

- *"ધંધાદારી ફાયદા"ની વિસ્તૃત વ્યાખ્યા આપવામાં આવેલી છે. તેમાં, ઉદાહરણના સ્વરૂપે, ધંધો મેળવવો કે જાળવી રાખવો, અગ્રતાક્રમ ભરેલ વ્યવહાર મેળવવો અથવા રાજકીય કે ધંધાદારી રાહતો મેળવવાનો સમાવેશ થાય છે.*

- *"સરકારી અધિકારી"ને વિસ્તૃત રીતે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે જેથી તેમાં કોઈપણ ચૂંટાયેલ અથવા નિમણૂંક આપવામાં આવેલ સરકારી અધિકારીનો સમાવેશ થાય છે; એવા કોઈપણ કર્મચારી અથવા અન્ય વ્યક્તિ કે જેઓ સરકારી અધિકારી, એજન્સી, તેના સાધન રૂપે અથવા ધંધાદારી રીતે સરકારી કામ કરતાં હોય તેના માટે અથવા તેના વતી કરતાં હોય; કોઈપણ કર્મચારી અથવા અન્ય કોઇ વ્યક્તિ કે જે કોઈ એક એવા એકમ માટે કામ કરતામ હોય કે જે સંપૂર્ણ રીતે અથવા આંશિક રીતે સરકારની માલિકીનું હોય અથવા તેના દ્વારા નિયંત્રીત હોય; કોઈપણ રાજકીય પક્ષ, અધિકારી, કર્મચારી અથવા અન્ય કોઈપણ વ્યક્તિ જે રાજકીય પક્ષ, અથવા જાહેર કાર્યાલય માટેના ઉમેદવાર માટે અથવા તેના વતી કાર્ય કરતાં હોય; અથવા એવા કોઈપણ કર્મચારી અથવા વ્યક્તિ કે જે એક જાહેર આંતર-રાષ્ટ્રીય સંસ્થા માટે કામ કરતાં હોય.*
- *"મધ્યસ્થી" એટલે એવો કોઈપણ ત્રાહિત પક્ષકાર, તેના શિર્ષક સાથે કોઈપણ લેવા-દેવા વિના, જેઓ કંપનીનું પ્રતિનિધિત્વ કરે છે; અથવા વિવિકબુધ્ધિ વાપરીને તેના વતી કાર્ય કરે છે; અથવા સંયુક્ત રીતે તેની સાથે કાર્ય કરે છે, જેમાં કમીશન પ્રાપ્ત કરનારા વેંચાણ માટેના એજન્ટો, દલાલો અને સંયુક્ત સાહસના ભાગીદારોનો સમાવેશ થાય છે તે, અને કોઈપણ કંપનીના ન હોય તેવા ત્રાહિત પક્ષકારો કે જેઓ કંપની દ્વારા મંજૂર કરવામાં આવેલ પાવર ઑફ એટર્ની હેઠળ કાર્ય કરે છે.*

## સામાન્ય માર્ગદર્શન અને પદ્ધતિઓ

### ભેટો, મનોરંજન અને આતિથ્ય

ભ્રષ્ટાચારના ઘણાં આરોપિત કાર્યો ભેટો અને મનોરંજનના સંદર્ભમાં ઊભાં થાય છે. ઘણી સ્થિતિઓમાં કદાચ ભેટો અને આતિથ્ય (જેમાં પરિવહન, ગૃહનિર્માણ, ભોજન અને મનોરંજનનો સમાવેશ થાય છે તે) યોગ્ય હોઈ શકે છે, છતાં તે અતિ મહત્વનું છે કે આવી ભેટો અને આતિથ્ય એક એવા પ્રમાણમાં ન આપવામાં આવે કે જેથી એક ધંધાદારી વ્યવહાર કરવાની અથવા એવી ગોઠવણ કરવાની લાલચ મળે કે જે અન્યથા શક્ય ના બનેલ હોત. એ ઉપરાંત, કોઈપણ કિસ્સામાં કોઈપણ ભેટ અથવા આતિથ્ય આ નીતિની અન્ય કોઈપણ જોગવાઇ, એ કંપનીની ભેટ અને મનોરંજન નીતિ, અથવા કંપનીની ધંધો હાથ ધરવાની નીતિની અન્ય કોઈપણ જોગવાઇનું ઉલ્લંઘન કરવા જોઈએ નહીં, અથવા એવું ના થવું જોઈએ કે જેનાથી એમ.ટી.આઇ. અથવા તમે એક એવી સ્થિતિમાં મુકાઓ કે જે શરમજનક બની રહે.

જ્યારે પ્રસ્તાવિત મેળવનાર એક સરકારી અધિકારી હોય ત્યારે લાગુ પડતાં ખાસ નિયમોને કારણે, આવી કોઈપણ વ્યક્તિને કોઈપણ ભેટ આપતાં પહેલાં અથવા આતિથ્ય પૂરું પાડતાં પહેલાં કાયદા વિભાગના જવાબદાર પ્રતિનિધિ દ્વારા સમીક્ષા, અને લેખીતમાં મંજૂરી મેળવવી જ જોઈએ.

### હિસાબ-કિતાબ; ચોપડાં અને દસ્તાવેજો

કંપની આંતરિક હિસાબ-કિતાબ પર નિયંત્રણોના એક તંત્રની જાળવણી કરશે અને ચોપડાં અને દસ્તાવેજોને એવી રીતે બનાવશે અને રાખશે, જેમાં વાજબી વિગતોને, ચોક્કસાઇ પૂર્ણ રીતે રાખવામાં આવેલ હોય અને જે વ્યવહારોને અને મિલ્કતોને ઉચિત પણે રાખવામાં આવી હોય તેને ન્યાયિક રીતે પ્રતિબિંબિત કરે. આવા દસ્તાવેજોમાં અથવા અન્ય દસ્તાવેજોમાં ખોટી, ગેરમાર્ગે દોરનારી અથવા અપૂર્ણ નોંધો પર પ્રતિબંધ છે. કોઈપણ હેતુ માટે કોઈપણ જાહેર નકરાયેલ હોય તેવા અથવા દસ્તાવેજીત ના હોય તેવા ભંડોળની કે હિસાબ-કિતાબની સ્થાપના નહીં થઈ શકે.

હિસાબ-કિતાબ પર નિયંત્રણોના એક તંત્રની એવી રીતે જાળવણી થવી જ જોઈએ કે જેનાથી એવી વાજબી ખાત્રી મળી રહે કે (i) સંચાલન મંડળ દ્વારા અધિકૃત થયાં પ્રમાણે વ્યવહારો કરવામાં આવેલા છે;(ii) વ્યવહારોને દસ્તાવેજીત કરવામાં આવેલાં છે જેથી ચોક્કસાઇ પૂર્વકના નાણાકીય પત્રકોની તૈયારી કરી શકાય અને મિલ્કતો માટેની જવાબદેહીને જાળવી શકાય; (iii) મિલ્કતો સુધીની પહોંચ માત્ર સંચાલન મંડળ દ્વારા અધિકૃત કરવામાં આવેલ હોય એ રીતે જ આપવામાં આવે છે;અને (iv)યોગ્ય રીતે ઓડિટના કાર્યો હાથ ધરવામાં આવેલ છે.

જેનો આધાર મળી રહે તેવા પૂરતાં દસ્તાવેજો વિના કંપની વતી કોઈપણ ચૂકવણીને મંજૂરી આપવામાં આવવી જોઈએ નહીં અથવા ચૂકવણી માટે આધાર પૂરો પાડતાં દસ્તાવેજમાં વર્ણવેલ હોય તે સિવાયના ચોક્કસ હેતુ માટે એ સંપૂર્ણ ચૂકવણી કે તેનો અમુક ભાગ એવા હેતુ કે સમજણ માટે થવો જોઈએ નહીં.

### નાણાની અવૈધ હેરાફેરી

નાણાની અવૈધ હેરાફેરી એ એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા એક વ્યક્તિ આવકના એક ગેરકાયદેસરના સ્રોતના અસ્તિત્વને છૂપાવે છે અને એ આવકને એવી રીતે મેળવે છે કે જાણે તે કાયદેસરની આવક હોય. ગેરકાયદેસર રીતે મેળવીને કંપનીની જે ઉપજોનો ઉપયોગ કરવામાં આવેલો હોય તેનાથી અમેરીકામાં અને કંપની જે દેશોમાં કાર્યો કરે છે ત્યાં જવાબદારી ઊભી કરી શકે છે. જો કર્મચારીઓ એવી કોઇ બાબત અંગે જાણતા હોય જેનાથી તેઓ એવું માનવા પ્રત્યે દોરાય કે કોઈપણ વ્યવહારમઆં કોઇ એવી ચૂકવણીઓ સંકળાયેલી છે અથવા એવી આવક સંકળાયેલી છે જે કોઇ ગેરકાયદેસરના કાર્યોની ઉપજ હોઈ શકે છે તો તેઓએ કંપનીના કાયદા વિભાગનો સંપર્ક કરવો જ જોઈએ.

### સગવડ કરી આપતી અથવા "માલિશ રૂપ" ચૂકવણીઓ

સગવડ કરી આપતી ચૂકવણીઓ, જે "માલિશ રૂપ" ચૂકવણીઓ તરીકે પણ જાણિતી છે, તે એવી ચૂકવણીઓ છે જે નાની ચૂકવણીઓ હોય ($100થી ઓછી હોય) અને જે સરકારી અધિકારીને એટલા માટે કરવામાં આવી હોય કે જેથી કસ્ટમ ક્લિઅરન્સ, ઇમિગ્રેશન અને વર્ક પરમિટ, અને ટેલીફોન તથા સુવિધાઓના જોડાણો મેળવવા જેવી નિયમીત ક્રિયાઓ ઝડપથી અથવા સલામત રીતે પૂર્ણ થાય.

કંપનીના કોઈપણ કર્મચારી દ્વારા કોઈપણ જાતની "સગવડ કરી આપતી ચૂકવણી" ના થવી જોઈએ, સિવાય કે (1) એક તબીબી રીતે અથવા સલામતીની રીતે અથવા કટોકટીના સંજોગોમાં પ્રતિભાવ રૂપે સરકારી સેવાઓ મેળવવી (જેમ કે પોલિસ અથવા અગ્નિશામક દળોના સંરક્ષણ મેળવવા અથવા તબીબી નિકાલ કરાવવો) જરૂરી હોય અથવા (2) એ વ્યક્તિ વાજબીપણે એવું માને છે કે કંપનીના એક કર્મચારી પર ગંભીર નુકશાનનો નિકટવર્તી ખતરો તોળાઇ રહ્યો છે અને વાજબી રીતના બીજા કોઈપણ વિકલ્પો ઉપલબ્ધ નથી.

આવી કોઇપણ ચૂકવણીને ચોક્કસાઇ પૂર્ણ રીતે અને સંપૂર્ણ રીતે કંપનીના ચોપડાંમાં અને દસ્તાવેજોમાં નોંધવી જોઇએ અને તેની જનરલ કાઉન્સેલને તુરંત જ જાણ કરવી જોઇએ.

**રાજકીય, સામુદાયિક અને સખાવતી યોગદાનો**

સખાવતો, સામાજીક પરિયોજનાઓ અને ભંડોળો, જેમાં શાળાઓ, શૈક્ષણિક ભંડોળો અને માળખાગત પરિયોજનાઓનો સમાવેશ થાય છે તેના માટે કરેલ નાણાકીય અને અન્ય યોગદાનોને, સાવચેતી પૂર્વક હાથ ધરવા જોઇએ કારણ કે તેઓ ભ્રષ્ટાચાર રૂપી ચૂકવણીઓ માટેની વાહક નળીઓ તરીકે કામ કરી શકે છે. એ જોખમને ઓછામાં ઓછું કરવા માટે, કંપનીએ આવી સખાવતો અને પરિયોજનાઓ માટે એક યોગ્ય તપાસ કરાવવી જરૂરી છે. આવી કોઇપણ ચૂકવણીઓ માટે કંપનીની નીતિઓનું અને પદ્ધતિઓનું અનુપાલન થવું જ જોઇએ અને એ કાયદા વિભાગની પૂર્વ મંજૂરી મેળવવી જ જોઇએ..

**મધ્યસ્થીઓ અને ભાગીદારો સાથેના વ્યવહારો**

**1. યોગ્ય કર્તવ્યપરાયણતા**

કંપની વતી કાર્ય કરતી કોઇપણ વ્યક્તિ કંપનીને ભ્રષ્ટાચારના જોખમ અને દંડનો સામનો કરાવી શકે છે. આ જોખમને ઓછામાં ઓછું કરવા માટે, જ્યારે કોઇપણ "લાલ ઝંડા" (જેનું નીચે વધુ વર્ણન કરવામાં આવેલ છે) અથવા શંકાસ્પદ સંજોગો ઉપસ્થિત છે તેવું માનવામાં આવેલ હોય ત્યારે તેવી મધ્યસ્થીઓ કે જેની સાથે કંપની ધંધો કરવા માંગતી હોય તો તે મધ્યસ્થીઓ અંગે કંપની તપાસ કરાવે તે જરૂરી છે. આવા સંજોગોમાં, કંપનીના જે કર્મચારી એક કરાર કરવા માંગતા હોય કે સંબંધ બાંધવા માંગતા હોય, તેમણે એ સુનિશ્ચિત કરવું જોઇએ કે કોઇપણ કરાર કરતાં પહેલાં અથવા સંબંધ બાંધતા પહેલાં યોગ્ય કર્તવ્યપરાયણતાને પાળવામાં આવીછે.

એક યોગ્ય કર્તવ્યપરાયણતા અંગેની તપાસમાં સંભવિત મધ્યસ્થીઓ અથવા ભાગીદારોની આબરૂની સમીક્ષા, નિપૂણતા, અનુભવ અને ભૂતકાળની કામગીરીનો સમાવેશ થવો જ જોઇએ; તેમજ તેમના સરકારી અધિકારીઓ સાથેના જોડાણો,જો કોઇ હોય તો; એ સંજોગો હેઠળ સૂચિત ચૂકવણીની ગોઠવણીઓના વાજબીપણા; અને એ વ્યવહાર કરવા માટેનો ધંધાદારી હેતુ એ બધી જ તપાસ થવી જોઇએ. કેટલીક ચોક્કસ સ્થિતિઓમાં એક મધ્યસ્થી અથવા ભાગીદારની આબરૂ, શાખ અને નાણાકીય સ્થિરતાની ચકાસણી માટે કદાચ ખાનગી તપાસનિશોને કામે લગાવવા જરૂરી બને. આવી કોઇપણ તપાસને કાયદા વિભાગની પૂર્વમંજૂરી વિના હાથ ધરવી જોઇએ નહીં.

કંપનીની આ નીતિ રહી છે કે મધ્યસ્થીઓને જાળવી રાખતાં પહેલાં કાયદા વિભાગની પૂર્વમંજૂરી લેવામાં આવે. આવા બધાં જ કરારોમાં એફ.સી.પી.એ.માં કરવામાં આવેલ અને કેટલાંક સ્ટાન્ડર્ડ સેટનું અનુપાલન થાય તે સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવેલી અને જેને કાયદા વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલ તેવી કેટલીક ધોરણસરની જોગવાઇઓનો સમાવેશ કરવો જ જોઇએ.

**2. "લાલ ઝંડા" ના સંજોગો**

કંપની માત્ર પોતાના કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ કૃત્યો માટે જ નહીં પરંતુ તેના મધ્યસ્થીઓ દ્વારા કરવામાં આવેલ કૃત્યો માટે પણ એફ.સી.પી.એ. હેઠળ જવાબદાર બની શકે છે. એક વ્યક્તિને જવાબદાર ઠેરવી શકવા માટે પૂરતાં જ્ઞાનને એ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે કે તેમાં એક અયોગ્ય ચૂકવણી થવાનું "નોંધપાત્ર રીતે ચોક્કસ છે" તેનો સમાવેશ થાય છે, અથવા તેવું થવાની "ઉચ્ચ સંભાવના હોવાનો" સમાવેશ થાય છે. બીજી તરફ જોઇ જવાથી જવાબદારીને ટાળી શકાતી નથી. જો તેમાં "લાલ ઝંડા" હોય જે પ્રશ્નોનું સર્જન કરતાં હોય, તો પૂછપરછ કરવી એ એક ફરજ બની જાય છે. એક મધ્યસ્થીની સ્થિતિમાં નીચેના કેટલાંક પ્રણાલીગત મુદ્દાઓને લીધે લાલ ઝંડા ઊભાં થઇ શકે છે:

- એ વ્યવહારમાં એવા દેશનો સમાવેશ છે કે જે ભ્રષ્ટાચાર યુક્ત ચૂકવણીઓ માટે જાણીતો છે;
- એક સંદર્ભની ચકાસણી કરતાં એવું છતું થાય છે કે એ પક્ષકારની આબરૂ અથવા પૃષ્ઠભૂમિમાં કોઇ ખરાબી છે;
- યોગ્ય કર્તવ્યપરાયણતાને લીધે એવું છતું થાય છે કે એ પક્ષકાર એ એક ઢાલરૂપ છે અથવા તેનું માળખું બિનપરંપરાગત છે;
- એ પક્ષકાર સ્પષ્ટ રીતે લાયકાત ધરાવતો નથી અથવા તેને જેના માટે કામ પર લેવાયેલ છે અથવા જાળવી રાખવામાં આવેલ છે તે કાર્યો કરવા માટે જરૂરી અનુભવનો અભાવ છે;
- એક સરકારી અધિકારી અથવા ગ્રાહક, ખાસ કરીને એવા કે જેઓ એ ધંધાદારી મુદ્દા સાથે નિર્ણય શક્તિ ધરાવતા હોય, તેમના દ્વારા એ પક્ષકારની ભલામણ કરવામાં આવી છે;

- એ પક્ષકાર એક આવરીત વ્યક્તિ સાથે અથવા એ આવરીત વ્યક્તિના સંબંધી સાથે એક નજીકનો વ્યક્તિગત, પારિવારિક અથવા ધંધાદારી સંબંધ ધરાવે છે અથવા આવરીત વ્યક્તિઓને વિશાળ અથવા વારંવાર રાજકીય યોગદાન આપે છે;
- એ પક્ષકાર એવું સૂચવે છે કે ધંધો મેળવવા માટે અથવા એક ચોક્કસ સોદો પૂરો કરવા માટે એક ચોક્કસ રકમના નાણાની કદાચ જરૂર પડશે;
- એ પક્ષકાર જેનાથી અમેરીકાના અને સ્થાનિક કાયદા હેઠળ નાણાની અવૈધ હેરાફેરી અંગેની ચિંતાઓ ઊભી થાય તે રીતની અસામાન્ય કરારની શરતો અથવા ચૂકવણીની ગોઠવણ સૂચવે છે, જેમ કે રોકડમાં ચૂકવણી, અન્ય દેશના ચલણમાં ચૂકવણી, અથવા એક ત્રાહિત દેશમાં ચૂકવણી;
- એ પક્ષકાર કંપની સાથેના કરારોમાં ભ્રષ્ટાચાર વિરોધી અને લાંચ વિરોધી રજુઆતો, બાયંધરીઓ અને કરારનામા અને તેને સંબંધિત ભાષા સામે વાંધો ઊભો કરે છે;
- એ પક્ષકાર તેની માલિકીને છતી કરવાનો ઇન્કાર કરે છે, જેમાં કોઈપણ ફાયદાકારક અથવા અપ્રત્યક્ષ માલિકોનો સમાવેશ થાય છે, અથવા એવી જરૂર દેખાડે છે કે તેની અથવા તેણીની ઓળખ અથવા, જો તે પક્ષકાર એક કંપની હોય તો, એ કંપનીના માલિકની, મુખ્ય વ્યક્તિઓની, અથવા કર્મચારીઓની ઓળખ છતી ના થાય તેવું ઇચ્છે છે; અથવા
- એ પક્ષકારનું કમીશન અથવા ફી એ જે-તે ભૌગોલિક વિસ્તારમાં એવી સમાન સેવાઓ માટેના સમાન્ય દર કરતાં વ્ધુ છે અથવા એવી જ સેવાઓ બીજા કોઇ સ્થળેથી મેળવવા માટે કંપની દ્વારા કરવામાં આવતી ચૂકવણી કરતાં ગેરવાજબી રીતે વધારે છે.

ઉપરોક્ત યાદી અહીં સંપૂર્ણ થતી નથી, અને કંપનીના કર્મચારીઓએ કંપની જેની સાથે ધંધો કરે છે અથવા ધંધો કરવાની દરખાસ્ત ધરાવે છે તેવા ત્રાહિત પક્ષકારોની સાથે સંકળાયેલ કોઈપણ શંકાસ્પદ સંજોગો અંગે સાવધ રહેવા જોઈએ. જો એ પૃષ્ઠભૂમિની તપાસમાં – અથવા પછી એ પક્ષકાર સાથેના ધંધાદારી સંબંધોને લીધે – જો લાલ ઝંડાઓ દેખાય, તો કદાચ વધુ ઊંડાણ પૂર્વકની તપાસની જરૂર રહે. લાલ ઝંડાઓ અંગે કાયદા વિભાગનું તુરંત ધ્યાન દોરવું જોઈએ.

## સરકારી અધિકારીઓને કામ પર લેતાં

એક સરકારી અધિકારીને (એક એજન્ટ તરીકે, લોબી કરનાર તરીકે, પરામર્શકર્તા તરીકે, વગેરે તરીકે) જાળવી રાખવા એ કદાચ મંજૂરીને પાત્ર હોય પરંતુ તેમની સાથેનો વ્યવહાર બહુ સાવધાની પૂર્વક કરવો જોઈએ. આવી જ સાવધાની જ્યારે એક સંભવિત કર્મચારી અથવા એજન્ટ એક એવી સંસ્થા સાથે જોડાયેલાં છે જેને સરકારી માધ્યમ ગણવામાં આવેલ હોય, એક સરકારી અધિકારીની સાથે પરિચિત સંબંધ હોય અથવા જેઓ અગાઉ સરકારી સેવામાં જોડાયેલ હોય. આવા સંબંધો માળખાગત જ હોવા જોઈએ જેથી તેઓ એફ.સી.પી.એ. અને સ્થાનિક કાયદાઓની જરૂરીયાતોને સંતોષી શકે. કાયદા વિભાગની પૂર્વ મંજૂરી વિના આવા કોઈપણ સંબંધો માટે વાટાઘાટો ના થવી જોઈએ.